# રાજયમાં સ્વાઈન ફ્લુથી વધુ નવના મોત : મૃતાંક ૩૬૨

## રાજયમાં પહેલી જાન્યુઆરી બાદથી સ્વાઈન ફ્લુનો આતંક યથાવતરીતે જારી સાવચેતીના પગલા બિનઅસરકારક : અમદાવાદમાં વધુ ૨૪ કેસો સપાટીએ

અમદાવાદ, તા. ૧૧

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના આજે નવા ૯૦ કેસ નોંધાયા હતા જે પૈકી અમદાવાદમાં ૨૪ કેસો નોંધાયા હતા. જ્યારે રાજયભરમાં વધુ નવ લોકોના મોત થયા છે જેથી મોતનો આંકડો વધીને ૩૬૨ ઉપર પહોંચી ગયો છે જ્યારે સારવાર હેઠળ રહેલા લોકોની સંખ્યા ખુબ મોટી દેખાઈ રહી છે. નવા ૯૦ કેસોની સાથે કેસોની સંખ્યા વધીને પહેલી જાન્યુઆરી બાદથી ૫૮૯૪ સુધી પહોંચી ગઈ છે. સારવાર બાદ બિમારીમાંથી બહાર આવી ગયેલા લોકોની સંખ્યા ૪૮૧૬ નોંધાઈ છે. હજુ સુધી સ્વાઈન ફ્લુ ઉપર કાબૂ આવી રહ્યો નથી જે ચોક્કસપણે ચિંતા ઉપજાવે છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સ્વાઈન ફ્લુનો ખતરો ઉભો થઈ ગયો છે. નવા વિસ્તારો પણ સ્વાઈન ફ્લુના સકંજામાં આવી રહ્યા છે. જેમાં ગીરસોમનાથનો સમાવેશ થાય છે. હજુ સુધી કિલર સાબિત થઈ રહેલા સ્વાઈન ફ્લુને રોકવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે ત્યારે તેની અસર દેખાઈ રહી છે. આજે સ્વાઈન ફ્લુના કારણે વધુ ૯ લોકોના મોત થયા હતા જેમાં સુરત અને જામનગરમાં બે-બે, રાજકોટ, ગાંધીનગર, પાટણ, તાપી અને બોટાદમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. સ્વાઈન ફ્લુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુ વધુ વકર્યો છે. દરમિયાન રાજય વિધાનસભામાં પણ સ્વાઈન ફ્લુનો મુદ્દો ચમકી ચુક્યો છે. સ્વાઈન ફ્લુને રોકવા માટે રાજય સરકારે સ્વાઈન ફ્લુ રોગ સામે ઘનિષ્ઠ અટકાયતી પગલાં લીધા છે. સ્વાઈન ફ્લુના અટકાયતી પગલાં માટે રાજય સરકારે ત્રિસ્તરીય વ્યવસ્થા ગોઠવી છે.

સ્વાઈન ફ્લુના અટકાયતી પગલાં સંદર્ભે સરકારે જણાવ્યું છે કે, આ રોગના ત્વરિત અને વિનામુલ્યે નિદાન માટે રાજય સરકાર ઘનિષ્ઠ વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત વિષય નિષ્ણાંત તબીબી, ખાનગી હોસ્પિટલના નિષ્ણાંત ડોકટરો, સુપર સ્પેશિયાલીટી ડોકટરો વગેરે સાથે સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઈ.ઈ.સી. ટ્રીટમેન્ટ ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંતી કરી છે. આજે જે વિસ્તારમાં નવા કેસો સપાટી ઉપર આવ્યા છે તેમાં અમદાવાદમાં ૨૪, રાજકોટમાં નવ, જામનગરમાં નવ, ગાંધીનગરમાં છ, વડોદરામાં છ, ભાવનગરમાં પાંચ, અમરેલીમાં પાંચ, સુરતમાં ત્રણ, કચ્છમાં ત્રણ સાબરકાંઠામાં ત્રણનો સમાવેશ થાય છે જ્યારે બનાસકાંઠા, પાટણ, મોરબી, દ્વારકા અને પોરબંદરમાં બે-બે કેસ નોંધાયા છે. મહેસાણા, આણંદ, ખેડા, સુરેન્દ્રનગર, અરવલ્લી, વલસાડ, નર્મદામાં એક-એક કેસ નોંધાયા છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી ગ્રસ્ત લોકોની સંખ્યા હજારોમાં છે જેથી મોતનો આંકડો પણ વધી રહ્યો છે. સાથે સાથે કેસોની સંખ્યા પણ વધી રહી છે. આવી સ્થિતિમાં સ્વાઈન ફ્લુને કાબૂમાં લેવાની બાબત હજુ મુશ્કેલરુપ બનેલી છે. કારણ કે સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા ખુબ મોટી છે.

રોગ થયા બાદથી સંપૂર્ણપણે સાજા થયેલા લોકોની સંખ્યા ૪૫૦૦થી વધારે છે જ્યારે કેસોની સંખ્યા ૫૮૦૦થી વધુ છે. આવી સ્થિતિ સ્વાઈન ફ્લુનો શિકાર થઈ ચુકેલા લોકોની સંખ્યા ૧૦૦૦૦થી ઉપર પહોંચી ચુકી છે.



પરીક્ષાનો માહોલ : ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાના પગલે નગરની શાળાઓમાં પરીક્ષાર્થીઓ બેઠક વ્યવસ્થા જોવા ઉમટ્યા હતા. નગરના ૨૯ કેન્દ્રો પર શહેર અને આસપાસના વિદ્યાર્થીઓ બપોરથી જ મોટી સંખ્યામાં ઉમટતા માહોલ પરીક્ષામય બન્યો હતો. નંબર કઈ સ્કૂલમાં આવ્યો છે ? કેવુ વાતાવરણ છે ? કેવી તૈયારી છે આવા પ્રશ્નો એકમેકને મળતા વિદ્યાર્થીઓ પૂછતા હતા/ મુખ્યમંત્રીથી લઈ મંત્રીઓ અને અધિકારીઓ પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આરંભે પહોંચવાના છે.

# પોલીસ આધુનિકીકરણ માટે ૧૪૦ કરોડનું બજેટ

અમદાવાદ, તા. ૧૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ૪૪મી ઓલ ઈન્ડીયા પોલીસ સાયન્સ કોંગ્રેસનું ઉદ્‌ઘાટન કરતાં પોલીસ અને આમ જનતા વચ્ચે સંબંધ સેતુ વિશ્વાસ અને પોતાપણાનો ભાવ જગાવવા આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણ જણાવ્યું કે, દેશની સરહદી સુરક્ષા કરતા સેનાનીઓ જેમ જ સમાજ સલામતિ અને આંતરિક સુરક્ષાના પ્રહરી પોલીસદળના જવાનો-ફરજકર્મીઓ કઠીનતમ સંજોગોમાં દિન-રાત કર્તવ્યરત રહે છે. તેમના પ્રત્યે પણ સમાજ સમસ્તમાં પોતાપણાનો આત્મીયભાવ ઉભો કરવો પોલીસ દળ માટે આત્મમંથન અને ચિંતનનો વિષય બનવો જોઈએ. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ત્રિદિવસીય ૪૪મી ઓલ ઈન્ડીયા પોલીસ સાયન્સ કોંગ્રેસનો શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલ, બ્યુરો ઓફ પોલીસ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટના સ્પે. આઈ.જી.રાધાકિષ્ણન તથા ગુજરાત સહિત વિવિધ રાજયોના પોલીસ મહાનિદેશકઓ-આલા અફસરો ઉપસ્થિત રહ્યા છે. મુખ્યમંત્રી પોલીસ પરિવારની મહિલાઓ-માતા-બહેનોને પણ પોલીસ અને સમાજ વચ્ચે સેતુ-કડી બનીને પોલીસની છબિ સુધારવા સાથે જન સામાન્યમાં વિશ્વાસનો નવો માહૌલ સર્જવા પ્રેરણા આપી હતી. તેમણે ગુજરાતમાં પોલીસ-પ્રજા વચ્ચેના આ સંપર્ક સેતુના વ્યાપક સ્તરે વિનિયોગ હેતુ બાલમિત્ર, મહિલામિત્ર, સુરક્ષા સેતુ અને સ્ટુડન્ટ પોલીસ કેડેટ જેવા નવતર સફળત્તમ પ્રયોગોની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. અન્ય રાજયોમાં પણ આ પ્રકારની બેસ્ટ પ્રેકટીસીસના આપસી મનન-ચિંતન માટે આ પરિષદ ઉપયુક્ત બની રહે તેવી અપેક્ષા તેમણે દર્શાવી હતી.આનંદીબેન પટેલે ગુન્હા નિવારણ અને ગુન્હા સંશોધનમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પોલીસ બેડા માટે બદલાતા ગુનાખોરીના સંક્રમણમાં આવશ્યક છે તે માટે સજ્જ થવાની જરૂરિયાત વિસ્તૃત રૂપે સમડજાવી હતી. તેમણે સાયબર ક્રાઈમ પર રોક લગાવવા ગુજરાતે સાઈબર સુરક્ષા કવચ-ડિજીટલ એકેડમી શરૂ કરવાની નવતર પહેલ કરી છે તેની રૂપરેખા આપી હતી. આ એકેડમીની વેબસાઈડનું લોન્ચીંગ અને મંથન



સોલાર વિમાન અમદાવાદ વિમાની મથકે મંગળવારે મોડી રાત્રે આવી પહોંચ્યા બાદ જોરદાર સ્વાગત કરાયું છે. આ વિમાને શહેરમાં ભારે આકર્ષણ જમાવ્યું છે.

### પોલીસને નવીન શોધથી માહિતગાર રહેવું પડશે

ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, જીવનમાં નવું શિખવાની પ્રક્રિયા હંમેશા નિરંતર ચાલુ રહેલી જોઈએ. વિજ્ઞાન ક્ષેત્રે રોજ નવી શોધો થાય છે. રાજય અને દેશમાં સુરક્ષા વ્યવસ્થાને વધુને વધુ સુદ્રઢ બનાવવા માટે પોલીસે પણ નવીન શોધોની સતત માહિતગાર થતાં રહેવું પડશે. સોશિયલ મિડિયાના માધ્યમથી ઉદભવતી સમસ્યાઓ અને સાયબરના માધ્યમથી બનતા વિવિધ પ્રકારના ગુનાઓ સામે લડવા પોલીસે સજ્જ થવું પડશે. મહિલા સશક્તિકરણને વધુ વેગ આપવા ગુજરાત પોલીસમાં મહિલાઓની ભરતીમાં ૩૩ ટકા અનામત રાખવામાં આવી છે. રાજય સરકારે સુરક્ષા સેતુ યોજના અને ઈ-ગુજકોપ જેવાં નવા-નવા આયામો થકી પોલીસ-પ્રજા વચ્ચે સેતુરૂપ બનવા તેમજ ગુનાઓના ઝડપી ઉકેલ માટે સતત પ્રયત્નશીલ છે, તેમ પણ મંત્રીએ ઉમેર્યું હતું.

# પ્રાંતિજ પોલીસ મથકે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૧૧

પ્રાંતિજ પોલીસ મથક ખાતે આજે મહિલા સશક્તિકરણ અને નશાબંધી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાલુકાની મહિલાઓ મોટી સંખ્યામાં જોડાઈ હતી.

આ મહિલા જાગૃતિ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, એમ.પી. ગુપ્તા પી.એમ. માલ, બી.કે. ચૌધરી, ડૉ. પારૂલબેન શુકલ, રસીલાબેન રામીત, પી.આઈ. ભરતભાઈ પટેલ સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ અને મહિલાને લગતા હકો અને સુરક્ષા અંગે ઉપસ્થિત અધિકારીઓ સચોટ માહિતી અને માર્ગદર્શન આપ્યુ હતુ. ઉપરાંત મહિલા સંબંધિત કાયદાઓની પણ સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન ભાવનાબેન મોદીએ કર્યુ હતુ. અંતે આભારવિધિ પી.આઈ. ભરત પટેલે કરી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં તાજેતરમાં ખેડબ્રહ્મા કેળવણી મંડળ સંચાલિત પ્રાયમરી ઈંગ્લિશ મીડીયમ સ્કૂલનો આઠમો વાર્ષિકોત્સવ ઉજવાઈ ગયો. વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન તરીકે મંડળના પ્રમુખ-અશ્વિનભાઈ જોષી, ઉપપ્રમુખ કનુભાઈ કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કર્યા હતા. બાળકોએ ઉલ્સાહભેર ભાગ લઈ પોતાની શક્તિઓ પ્રદર્શીત કરી આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શાળાના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રાયમરીના આચાર્ય રણવિરસિંહ વાઘેલા અને શાળાના આચાર્ય કપીલભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જીલ્લા પંચાયતનું ૩.૬૪ અબજનુ બજેટ પસાર

## કોંગ્રેસના સદસ્યો દ્વારા અંદાજપત્રની હોળી કરાઈ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૦

અરવલ્લી જીલ્લા



પંચાયત ખાતે આજે ખાસ સામમન્ય સભા ની બેઠક મળી હતી જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ નુ રૂપીયા ૩.૬૪ અબજ નુ બજેટ કોગ્સ ના સદસ્યો ની વિરોધ ના વચ્ચે પસાર કરવામાં આવ્યુ હતુ.

નવરચિત અરવલ્લી જીલ્લા ની આજે જીલ્લા પંચાયત ભવન ખાતે મળેલી ખાસ સામાન્ય સભા મા આજે વર્ષ ૨૦૧૫-૧૬ નુ બજેટ પસાર કરવામાં આવ્યુ હતુ જેમાં જીલ્લા પંચાયત ના સદસ્યો ને પોતાના મતવિસ્તાર માં વિકાસ ના કામો હાથ ધરવા માટે ૫૫ લાખ રૂપીયાની ફાળવણી કરવામાં આવી હતી પરંતુ કોગ્સ ના સભ્યો દ્વારા આ ફાળવેલી કરમ નો વિરોધ કરવામાં આવ્યો હતો અને દરેક સદસ્ય ને પાંચ-પાંચ લાખ રૂપીયા ફાળવવા માં આવે તેવી માંગણી કરવામા આવી હતી પરંતુ ભાજપ ના સભ્યો એ આ બાબતે સાથ ના આપતા ૨.૫૦ લાખ રૂપીયાની રકમ જ ફાળવવા માં આવી હતી અરવલ્લી જીલ્લા પંચાયત ના પ્રમુખ નેહાબેન પટેલ ના અધ્યક્ષ સ્થાને મળેલ આ બજેટ માં સૌથી વધારે કરમ ગ્રામીણ વિકાસ ક્ષેત્રે ૪૭૨૩ લાખ શિક્ષણક્ષેત્રે રૂ ૨૪૯૫ લાખ તબીબી અને જાહેર ક્ષેત્રે ૨૫૧૩ લાખ રૂ પોષણક્ષમ કાર્યક્રમ હેટળ રૂ ૨૬૧૫ લાખ ની ફાળવણી કરવામાં આવી હતી જીલ્લા માં વાહન વ્યવહાર ને કુશળ બનાવવા માટે મુસાફરી સરળ બને તે માટે બ્રીજ ના કમો માટે ૯૫૦૦ રૂપીયાની માતબર રકમ ની ફાળવણી કરવામાં આવી હતી જયારે ગ્રામીણ ક્ષેત્રે ફાળવેલી રકમ માંથી જરૂરી પંચાયત ભવન તાલુકા પંચાયત ના સદન ના બાંધકામ ની ફાળવણી માટે ૧૨૦૩ લાખ રૂપીયા ની ફાળવણી કરવામાં આવી હતી.

જયારે કોગ્રેસ દ્વારા આ બજેટ દલિત વિરોધી અને પાયાવિહોણુ ગણાવ્યુ હતુ અને અંદાજપત્ર ની હોળી કરી સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# ડીસામાં બંધ કરાયેલા કોલા ચાલુ કરાવવા પાલીકા પ્રમુખની ખાતરી

ડીસા, તા. ૧૧

ડીસા શહેરમાં બે દિવસ પહેલા નગરપાલીકાની ટીમે શેરડીના કોલા બંધ કરાવ્યા હતા. જે સ્વાઈન ફ્લુનું કારણ આગળ ધરી કોલા બંધ કરાવ્યા હતા. પરંતુ સમગ્ર મામલામાં કોલાવાળાઓનો આંતરીક ઝઘડો અને નગરપાલીકાના કેટલાક કર્મીઓને કટકી ન મળવાના કારણ હોવાનું ચર્ચાસ્પદ બન્યુ છે.

ડીસા શહેરમાં બે દિવસ પહેલા સ્વાઈન ફ્લુના રોગનું કારણ આગળ ધરીને નગરપાલિકાએ કેટલાક કોલા બંધ કરાવ્યા હતા અને અમુક સામે આંખ આડા કાન કર્યા હતા. કોઈ રોગનું કારણ આગળ ધરીને રોજીરોટી બંધ કરાવવી અને કેટલાક કોલા સામે કોઈ કાર્યવાહી ન કરવાની નિતીથી લોકોમાં આશ્ચર્ય સર્જાયું હતું. પરંતુ શેરડીના કોલાથી સ્વાઈન ફ્લુ નહી ફેલાતો હોવાનું તારણ મળતા કેટલાક કોલાવાળા પાલીકા પ્રમુખને રૂબરૂ મળી રજુઆત કરી હતી. આથી પ્રમુખે આ કોલાને પુનઃ ચાલુ કરવા જણાવ્યું હતું. જો કે કેટલાક લોકોએ જણાવ્યા મુજબ નગરપાલીકાના અમુક કર્મીઓએ કોલાવાળા પાસેથી કટકી કરી હતી. એટલે જે કર્મીઓને કટકી નહોતી મળી તેમણે કોલા બંધ કરાવ્યા હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦